કેટલી આકર્ષાય છે તે જોવું બધા માટે રસપ્રદ રહેશે.

પોરબંદરમાં પોલીસતંત્રની તમામ   દિવસથી પોરબંદર પોલીસ લાચારીની   શા માટે ખારવાઇ ગઇ છે તેના સમારકામ

# પોરબંદરમાં કોલેજના પ્રથમ વર્ષમાં પ્રવેશ મેળવનારી ૫૪૮ યુવતીઓનો વિનામૂલ્યે થેલેસેમિયા ટેસ્ટ

## ગોઢાણિયા મહિલા કોલેજ ખાતે આયોજનઃ રેડક્રોસ સોસાયટીનો પણ સહયોગ મળ્યો



(તસવીર : જીજ્ઞેષ પોપટ)

આજકાલ પ્રતિનિધિ
પોરબંદર

પોરબંદરમાં કોલેજના પ્રથમ વર્ષમાં પ્રવેશ મેળવનારી ૫૪૮ યુવતીઓનો વિનામૂલ્યે થેલેસેમિયા ટેસ્ટ કરવામાં આવ્યો હતો.

ડો. વી.આર. ગોઢાણીયા મહિલા કોલેજમાં યુથ રેડક્રોસ, હેલ્થ સેન્ટર, એન.એસ.એસ. તથા સામુદાયિક સેવાધારાના સંયુક્ત ઉપક્રમે ઈન્ડીયન રેડક્રોસ સોસાયટીની પોરબંદર જિલ્લા બ્રાંચના સહકારથી વિદ્યાર્થીનીઓ માટે થેલેસેમીયા ટેસ્ટીંગ કેમ્પનું આયોજન કરવામાં આવ્યું હતું. ડો. વી.આર.જી. મહિલા કોલેજમાં દર વર્ષે પ્રથમ વર્ષમાં પ્રવેશ મેળવેલી વિદ્યાર્થીનીઓ માટે થેલેસેમિયા ટેસ્ટીંગ કેમ્પનું આયોજન કરાય છે. તે મુજબ આ વર્ષે પણ વારસાગત રીતે ફેલાતા અને અસાધ્ય મનાતા આ રોગના ટેસ્ટીંગ કેમ્પમાં મહિલા કોલેજની ૫૪૮ વિદ્યાર્થીનીઓના લોહીના નમુનાઓ અમદાવાદ ખાતેની અદ્યતન લેબોરેટરીમાં કરવામાં આવશે. વિદ્યાર્થીનીઓના લોહીના નમુના એકત્ર કરવા માટે રેડક્રોસ સોસાયટીના ગુજરાત રાજ્ય બ્રાંચના જયેશભાઈ સોલંકી, વિજયભાઈ પારેખ, મનિષભાઈ પરમાર, મુકેશભાઈ રાવલે સેવાઓ આપી હતી.

આ કેમ્પની સફળતા માટે પોરબંદર પ્રમુખ દિનેશભાઈ પટેલને શુભેચ્છાઓ પાઠવી હતી. તથા પોરબંદર જિલ્લા બ્રાંચના ઉપપ્રમુખ ડો. જનકભાઈ પંડિત, ચેરમેન હરિશભાઈ રૂઘાણી, વાઈસ ચેરમેન ડો. સી.જી. જોષી, સેક્રેટરી અકબરભાઈ સોરઠીયા, પી.આર.ઓ. દક્ષ મોઢવાડિયા, રામ ઓડેદરા, કમલ શર્મા, સાવન ભટ્ટ તથા શ્રી મનિષા ઓડેદરાનો સહકાર પ્રાપ્ત થયો હતો.

મહિલા કોલેજમાં યુથ રેડક્રોસના પ્રોગ્રામ ઓફિસર ડો. ચેતનાબહેન બેચરા, હેલ્થ સેન્ટરના ડો. કેતનભાઈ શાહ અને ડો. જયશ્રીબેન પરમાર તેમજ એન.એસ.એસ. તથા સામુદાયિક સેવાધારા સાથે સંકળાયેલા ડો. ગીતાબહેન ઉનડકટ, પ્રા. દક્ષાબહેન ચોટાઈ તથા ડો. રેખાબહેન મોઢા કાર્યરત હતા. અને વિદ્યાર્થીનીઓએ પણ જહેમત ઉઠાવી હતી અને સૌને સંસ્થાના ટ્રસ્ટી ભરતભાઈ વિસાણા, પ્રિન્સીપાલ ડો. નાગર તથા વાઈસ પ્રિન્સીપાલ કગથરાનું પણ અમૂલ્ય માર્ગદર્શન પ્રાપ્ત થયું હતું.

## છાયાપ્લોટ શાળાના બાળકો પોલીસસ્ટેશનની મુલાકાતે

## 'તુ છોકરીનો ફોટો પાડે છે'

પોરબંદરની ચોપાટી પાસે નજીવી

## માધવપુરમ લોકો